ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

# જ્ઞાનગંગા

મુખપત્ર

વર્ષ : ૪ અંક:૧૬ (ફક્ત આંતરિક વિતરણ) જુન,૨૦૧૦



## Welcome Esteemed Vice-Chancellors!

## Congratulations Anand!!



Anand Patel with his parents

The fraternity of Dr. Babasaheb Ambedkar Open University welcomes all the Hon. Vice-Chancellors and esteemed delegates participating in the National Conference of the Vice-Chancellors during 09-11 June 2010 at Ahmedabad.

We, feel proud to felicitate one of our most distinguished alumni, Shri Anand Babulal Patel, who has achieved 32[nd] rank in the UPSC Civil Services Examination 2009, making him the top most ranker in Gujarat. Anand has earned his Bachelor's degree in History from Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.

Congratulations, Anand, and all the best wishes for your ceaseless pursuits of excellence! Congratulations to his parents and family as well, who supported his pursuits of distinction!

My predecessor Vice-Chancellor Professor Avadheshkumar Singhji had initiated the process of developing a course on NGO Management with valuable support from the UNAid, and IGNOU, New Delhi. This process has now fructified with the contributions of my colleagues and esteemed scholars. We feel fulfilled that the Course gets launched during the Hon. Vice-Chancellors Conference through a Training Workshop on "NGO Management: A Paradigm Shift". I express my deep sense of gratitude towards Professor Singh, the UN Aid, the IGNOU and all my colleagues and scholars who have supported and contributed into this important academic initiative of the University.

We are living in an interesting age. This is an age wherein, the cartography of the contours of economic progress is being redefined with the Knowledge as the principal tool. On the other hand, the common citizens on the street are being empowered with an ICT-enabled life-style that is increasingly transforming their life-vision.

One and a half billion people, all over the world, are walking around with powerful computers in their pockets or bags. However, the fact remains that they often do not realize it, because they call them something else a cell phone. But, today's high-end cell phones have the computing power of a mid-1990s personal computer (PC), while consuming only one-hundredth of the energy. Even the simplest, voice-only phones have more complex and powerful chips than the 1969 on-board computer that landed a spaceship on the moon!

Thus, the focus of the Conference of the Vice-Chancellors is on "Exploring the ICT-enabled Opportunities for Confluence between the Open and the Conventional Systems of Education"

I believe that the interactions of the thought leaders in the Conference shall prove to be a bloc-buster in bringing about the promising confluence between the two systems of education with their respective immense strength. We are at a very important junction in our pursuits of excellence in higher education. Let's honour the idea whose time has arrived!

**Manoj Soni**
Vice-Chancellor: BAOU, Gujarat

## શ્રમદાન યજ્ઞ

યુનિવર્સિટીના અધિ નિયમની કલમ-૩(૨) મુજબ આ યુનિવર્સિટીનું વડું મથક અમદાવાદ છે. યુનિવર્સિટીના કાયમી કેમ્પસ માટે સરકારશ્રીએ યુનિવર્સિટીના સરખેજ ગાંધીનગર હાઈ-વે પર આવેલ છારોડી, તા. દસક્રોઈ જીલ્લો-અમદાવાદ ખાતે જમીન ફાળવેલ છે. યુનિવર્સિટીના કાયમી કેમ્પસની સ્થાપના ન થાય ત્યાં સુધી સૌ પ્રથમ સરકારશ્રી દ્વારા શાહીબાગ ખાતે સરકારી બંગલા નં. ૯, 8A અને 8B ફાળવ્યાં હતાં. યુનિવર્સિટીનો વિકાસ થતાં જગ્યાની જરૂરીયાતને ધ્યાને



લઈ યુનિવર્સિટી R.C. Technical, S.G. Highway ખાતે જગ્યા ફાળવવામાં આવેલ છે. હાલ યુનિવર્સિટીના તમામ વિભાગ R.C Technical, Campus ખાતે કાર્યરત છે.

યુનિવર્સિટીને છારોડી ખાતે મળેલ જગ્યામાં યુનિવર્સિટી ભવન નિમાર્ણ માટે સરકારશ્રી તરફથી વહીવટી મંજૂરી અને બાંધકામની કામગીરી માટે તાંત્રિક મંજૂરી સરકારશ્રીનાં R & B વિભાગ તરફથી મળેલ છે. આ જગ્યા પર આપણી યુનિવર્સિટીના નિમાર્ણમાં પોતીકો ભાવ લાવવા માટે યુનિવર્સિટીના મા.કુલપતીશ્રી, અધિકારીશ્રી, વ્યાખ્યાતાશ્રી અને કર્મચારીઓ દ્વારા સ્વેચ્છાએ શ્રમદાન યજ્ઞનું આયોજન તા.૦૬/૧૨/૦૯ ના રોજ કરવામાં આવેલ.

જેનાં નામે યુનિવર્સિટી ચાલે છે તેવા ડૉ. બાબાસાહેબ આંબેડકરનો નિવાર્ણ દિવસ હોવાથી યુનિવર્સિટી દ્વારા ભવનની શરૂઆત કરવા માટે આ દિવસની પસંદગી કરી શ્રમદાન યજ્ઞનું આયોજન કરવામાં આવેલ આ આયોજનમાં યુનિવર્સિટી ભવનનાં આર્કિટેક ચિંતન કોઠારી દ્વારા કર્મચારીઓએ કેવી રીતે કાર્યવાહી કરવાની છે તેનું આયોજન કરી માહિતી પૂરી પાડેલ આયોજન મુખ્ય જમીનમાંથી એક ટુકડો પસંદ કરી હાફ સર્કલ બનાવી બાઉન્ડ્રી દોરવામાં આવેલ આ જમીનનું એક ફૂટ સુધીનું ખોદાણ કરી વચ્ચેનાં ભાગમાં લેવલીંગ કરવામાં આવેલ ખોદાણનાં ભાગમાં વૃક્ષારોપણ કરવાનો પ્લાન નક્કી કરવામાં આવેલ.

સૌ પ્રથમ મા. કુલપતિશ્રી ડૉ. મનોજભાઈ સોની દ્વારા ત્રિકમથી ભૂમિને ખોદીને શ્રમદાન યજ્ઞની શરૂઆત કરવામાં આવેલ ત્યારબાદ યુનિવર્સિટીનાં અન્ય કર્મચારીઓ દ્વારા ખોદાણ, લેવલીંગ અને કચરો સાફ કરવાનું કામ ઉત્સાહભેર કરવામાં આવેલ. સૌ કર્મચારીઓ



આનંદ, ઉમંગ અને ઉત્સાહથી કાર્ય પૂર્ણ કરેલ. આ કાર્યની સાથે સાથે કુલપતિશ્રીની વિનંતીને માન્ય રાખી ચિત્રકાર કનુભાઈ પટેલ અને તેમના બે સાથીદાર હાજર રહેલ. તેમના દ્વારા 20x5 ફૂટનાં કેનવાસ પર માટીનું ઢેફુ લઈ ડૉ. ભીમરાવ રામજી આંબેડકર સાહેબનું સુંદર ભાવ સાથેનું ચિત્ર દોરી કલર પૂરેલ ડૉ. આંબેડકરનું આબેહૂબ ભાવદર્શક ચિત્ર જોઈ સૌ કોઈ દીગ્મૂઢ થઈ ગયેલ.

શ્રમદાન યજ્ઞ પૂરો થયા બાદ માનનીય કુલપતિશ્રી દ્વારા ભૂમિપૂજન અંગેના શ્લોકો બોલવામાં આવેલ. શ્રમદાન યજ્ઞનું દીપ પ્રાગટય યુનિવર્સિટીનાં રોજમદાર કર્મચારી તરીકે કાર્ય કરતાં વર્ગ-૪ નાં કર્મચારી શ્રી ડાહ્યાભાઈ અને A.R.





Exam જયશ્રીબેન ગુર્જર, ભરતભાઈ ઠાકોર અને આર્કિટિક ચિંતન કોઠારી દ્વારા કરવામાં આવેલ, ત્યારબાદ યુનિવર્સિટીનાં વ્યાખ્યાતા શ્રી સુમનબેન ત્રિપાઠી, દિલીપભાઈ કાતરીયા અને ઉમેદભાઈ ધાધલ દ્વારા પ્રસંગોપાત વકતવ્ય આપવામાં આવેલ. માનનીય કુલપતિશ્રી દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઉપર અને તેમણે અંગીકાર કરેલ બૌધ્ધ ધર્મનાં ત્રણ સૂત્રો

"બુધ્ધમ્ શરણં ગચ્છામિ"
"ધર્મમ્ શરણં ગચ્છામિ"
"સંઘમ્ શરણં ગચ્છામિ"

ઉપર વિગતે છણાવટ કરી સમજાવવામાં આવેલ ચિત્રકાર કનુભાઈ પટેલ દ્વારા દોરવામાં આવેલ ડૉ. આંબેડકરનાં ચિત્રની બાજુમાં દરેક વ્યકિત પોતાનાં હસ્તાક્ષર કરે અને ગમતું સૂત્ર લખે તેવું જણાવવામાં આવ્યું. માનનીય કુલપતિશ્રી દ્વારા સૂત્ર લખી હસ્તાક્ષર કરી શરૂઆત કરવામાં આવી અને ત્યારબાદ યુનિવર્સિટીનાં હાજર રહેલ કર્મચારીઓ દ્વારા હસ્તાક્ષર કરી સૂત્રો લખવામાં આવ્યાં. યુનિવર્સિટીનાં ઈતિહાસમાં યાદગાર પ્રસંગ તરીકે લેખી શકાય તેવો ઐતિહાસિક પ્રસંગ "શ્રમદાન યજ્ઞ" રહ્યો.

આવા શ્રમદાન યજ્ઞ યુનિવર્સિટી દ્વારા ભવનનાં નિર્માણ દરમ્યાન વારંવાર યોજીશું તેવી માનનીય કુલપતિશ્રી અને યુનિવર્સિટીનાં કર્મચારીઓએ ઈચ્છા વ્યકત કરી. સમગ્ર કાર્યનું સંચાલન યુનિવર્સિટીનાં સિવિલ સુપરવાઈઝર દિપેશભાઈ જાની દ્વારા કરવામાં આવ્યું.

ચેતના શાહ.

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિર્સિટીનો સ્પેશિયલ પ્રોજેક્ટ અગરબત્તી તાલીમ કાર્યક્રમ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા તા.3 થી 4 ડિસેમ્બર 2009ના રોજ આહવા ડાંગનાં ત્રણ ગામોમાં મહાલપાડા, દિવાનટેમ્બરૂન, પાહેરધોડી (બારખલ)માં અગરબત્તીની સળી બનાવવાના તાલીમકાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતુ. મહાલપાડા ગામે ઉદ્‌ઘાટન પ્રસંગે નીચે મુજબ મહેમાનો હાજર રહ્યા હતા.



1. શ્રી વિજય પટેલ : માનનીય ધારા સભ્યશ્રી (ડાંગ જિલ્લા)
2. શ્રી પરાગ નાયક : બોર્ડ મેમ્બર(BAOU)
3. શ્રી કેતન મહેતા : મીલ માલિક (અગરબત્તી)
4. શ્રી મુકેશ શાહ : મીલ માલિક (અગરબત્તી)
5. શ્રી નારાયણ કાકા : સલાહકાર
6. શ્રી દશરથ દરબાર : મુખ્ય ટ્રેઈનર
7. શ્રી દત્તાભાઈ સાળુકે : N.G.O. ટ્રસ્ટી
8. શ્રી પ્રવીણ શિન્દે : કાર્યકર
9. શ્રી નવનીત ગાયકવાડ : વ્યાખ્યાતા(BAOU)

કુદરતી સૌંદર્યથી ભરપૂર તથા ડાંગ અને સાગના જંગલોથી ખીચો ખીચ છવાયેલ એવો ડાંગ જિલ્લો જ્યાં આજે પણ ભારતીય પરંપરાગત સંસ્કૃતિની ભીતિ થાય તથા દંડકીય વસુંધરા ઉપર પ્રકૃતિના દિલ ચીરતા વાંકાચૂંકા ટેકરા-ટેકરી ખેળીને આવેલ મોઘેરા મહેમાનોનો શાબ્દિક તથા સ્થાનિક તાલીમાર્થીએ વાંસના પુષ્પ ગુચ્છથી સ્વાગત પરિચય કરવામાં આવ્યો હતો.

ઉદ્‌ઘાટન પ્રસંગે ઉદ્‌બોધન કરતા યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી પરાગભાઈ નાયકે અગરબત્તીની સળી બનાવવાના તાલીમ કાર્યક્રમ વિશેની રૂપરેખા વર્ણવતા, ગ્રામીણ આદિવાસી લોકોને સ્થાનિક તથા ઘર બેઠા રોજી-રોટી મળે, વર્તમાન સમયનું કલંક તરીકેનું આભૂષણ

સ્થળાંતર રોકવાના ધ્યેયે આ યુનિવર્સિટીએ શિક્ષણની સાથે વ્યવસાયિક કોર્ષની શરૂઆતનો સફળ પ્રયોગ હાથ ધર્યો છે. આ તાલીમ કાર્યક્રમ સમગ્ર આદિવાસી વિસ્તારમાં લાગુ કરવાનું પ્રણ લીધું છે.

અગરબતી મીલ માલિક શ્રી કેતન મહેતા અને શ્રી મુકેશ શાહે જન જાહેરમાં વચન આપ્યું કે એક દિવસમાં દસ હજાર મજૂરો અગરબત્તીની સળી બનાવવાનું કામ કરે જે સંપૂર્ણ ઉત્પાદિત માલ ખરીદવા માટે તૈયાર છું એમજગ જાહેર કહ્યું હતું જેમાં એક શરત મૂકી જે અગરબત્તીના ત્રણ ગ્રેડમાં ભાવ આપવામાં આવશે. તદ્ ઉપરાંત સુંદર પ્લાન બતાવ્યો કે આપ જે અગરબત્તીની સળી બનાવશો તે આપ ડૉ. આંબેડકર વનવાસી કલ્યાણ ટ્રસ્ટ (સેવાધામ) ખાતે જમા કરશો ત્યાંથી અમે આયાત કરી લઈશું. તદ્ ઉપરાંત અગરબત્તીની સળીઓ બનાવવાનો વાંસ ગામની વન સમિતિ ગામમાં નક્કી કરેલ યુનિટને આપશે. ત્યારબાદ ગામનું યુનિટ વર્કસને વાંસના કટિંગની વહેંચણી કરશે. જે કટિંગમાંથી સળી બને એ સળીઓ ગામના યુનિટમાં ખાતે જમા કરવાની રહેશે ત્યારબાદ એ ગામનું યુનિટ નક્કી કરેલ મુખ્ય કેન્દ્ર પર જમા કરશે. આમ માર્કેટીંગ વિશે સમજાવ્યું હતું. એનાથી પણ એક વિશેષ એ જણાવ્યું કે આ તાલીમ કાર્યક્રમ માત્ર નફો મેળવવાના ધ્યેયથી નથી પણ ગરીબ લોકોને રોજગારી આપવાનો અમારો મુખ્ય હેતુ છે. આ વાતને સૌને સમજાવતા સમગ્ર તાલીમાર્થીઓમાં ખુશીનો ઉમંગ છવાઈ ગયો હતો. ત્યાર પછી તાલીમાર્થીઓએ પ્રણ લીધું કે અમે આપના સ્વપ્નને જરૂર સાકાર કરીશું. એવું નિવેદન બન્ને પક્ષો વચ્ચે થયું આવી સ્થિતિ જોઈને યુનિવર્સિટીના વ્યવસાયિક તાલીમ કાર્યક્રમની સફળતાનો કોઈ પાર રહયો ન હતો એ યશ યુનિવર્સિટીનાં માનનીય કુલપતિશ્રી તથા સલાહકારોની આગવી વિચારધારાને જતો હતો.

આ કાર્યક્રમનાં મુખ્ય વિશેષ માનનીય ધારાસભ્યશ્રી વિજયભાઈ પટેલ આ તાલીમ કાર્યક્રમને હૃદયથી ડાંગ જિલ્લામાં યુનિવર્સિટીને અગરબત્તીની સળી બનાવવાના તાલીમ કાર્યક્રમને આવકાર્યો હતો. ડાંગના પ્રથમ નાગરિક તરીકે જણાવ્યું હતું કે આ પ્રકારનો વ્યવસાયિક તાલીમ કાર્યક્રમને અમો ડાંગ જિલ્લાના રહેવાસી ચોક્કસ સફળ બનાવીશું તથા યુનિવર્સિટીએ આ કોર્ષ ચાલુ કરવા અંતર્ગત ખૂબ ખૂબ આભાર વ્યકત કર્યો હતો.

અંતમાં યુનિવર્સિટીના કર્મચારી ગણે સમગ્ર આમંત્રિત મહેમાનો, તાલીમાર્થીઓ તથા ગ્રામજનોનો ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ વતી આભારદર્શન વ્યકત કરી પહેલા દિવસનો તાલીમ કાર્યક્રમ ચાલુ કરવા માટે તાલીમમંચ ખુલ્લું મૂકવામાં આવ્યુ હતું.

ત્રણ ગામોમાં તાલીમાર્થીઓની આ પ્રમાણે સંખ્યા નોંધાયી હતી. (૧) મહાલ પાડા : ૪૪ (૨) દિવાન ટેમ્બરૂન ૨૫ (૩) પાહેરધોડી (બોરખલ) ૩૭ કુલ મળીને ૧૦૬ જેટલાં તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. આ તાલીમ કાર્યક્રમમાં યુનિવર્સિટીના નિયમાનુસાર ઉંમર, શિક્ષણ, જાતિ કે કોઈ પણ યોગ્યતા વગર તથા નિઃશુલ્ક તાલીમ આપવામાં આવેલ.

આ તાલીમ કાર્યક્રમમાં મુખ્ય ટ્રેઈનરે બે-બે કલાક બે દિવસ ત્રણ ગામોમાં તાલીમ આપેલ. ત્યારબાદ ત્રણ સહાયક ટ્રેઈનર ત્રણે ગામોમાં દાશર્નિક તાલીમ આપતા હતા. ઉપરોક્ત સમયપત્રક મુજબ સમગ્ર તાલીમાર્થીઓ રાજીખુશીથી તાલીમ લીધી હતી અને ૨૭મી ડિસેમ્બર ૨૦૦૯ના રોજ માનનીય મંગુભાઈ (વનમંત્રીનાં ) હસ્તક પ્રમાણપત્રનું વિતરણ કરવામાં આવ્યું હતુ.

## અગરબત્તીની સળીઓ બનાવવાની પદ્ધતિ

અગરબત્તીની સળી બનાવવાનો એક વ્યવસાયિક ગૃહ ઉદ્યોગ છે. જેમાં કિશોર અવસ્થાથી વૃધ્ધા અવસ્થા સુધીના વ્યક્તિઓ આ ઉદ્યોગમાં પોતાની કાર્ય કુશળતા અને સમય અનુકૂળતાના આધારે કામકરી શકે છે. વ્યકિત આખો દિવસ પોતાનું કામકરે અને સાંજના સમયે તે વિજળીનાં પ્રકાશે અગરબત્તીની સળી બનાવવાનું કામકરી શકે છે. કોઈ વ્યકિતએ આ તાલીમ લીધી ન હોય તો નીચે દર્શાવેલ રીત કે પધ્ધતિથી સ્વેચ્છાએ આ ગૃહ ઉધોગ શરૂ કરી શકે જેનો નીચે મુજબ વિસ્તૃત સમજુતી આપવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.





**<u>અગરબત્તીની સળી બનાવવા માટેના સાધનો</u>**

૧. સૂકો વાંસ

૨. બે લોખંડના મજબુત સળીયા અને એક ઈંટનો ટુકડો

૩. એક્સો બ્લેડ (આરી, કરવત)

૪. એક્સો બ્લેડ મોટી ધારીવાળી

૫. એક નાની છરી (ચપ્પુ)

૬. હથોડી

૭. અડધો ફૂટ ચોરસ લાકડાનું પાટીયું વચ્ચે ખીલી લગાડેલુ

ઉપરોક્ત સાધન સામગ્રી અગરબત્તીની સળી બનાવવા માટે ઉપલબ્ધ હોવી અતિ આવશ્યક છે. જેના કારણે સળી બનાવવા માટે કોઈ પ્રકારની મુશ્કેલી ન પડે એના માટે આ સાધનો હસ્ત કારીગરો પાસે હોવા અતિ આવશ્યક છે.

**<u>જરૂરી સાધનોનો પરિચય અને તેના ઉપયોગની પધ્ધતિ</u>**

**૧. સૂકો વાંસ :**

અગરબત્તીની સળી બનાવવા માટે વાંસ એ વિશેષ સ્થાન ધરાવે છે. પણ વાંસ પસંદ કરવાની આવડત કુશળ કારીગરમાં હોવી જોઈએ.

સળી બનાવવા માટે એવો સૂકો વાંસ પસંદ કરો કે જે વાંસ ઉપર કોઈ વરસાદનું પાણી ન પડયું હોય કારણ કે વરસાદ પડવાથી વાંસ કાળો થઈ જાય છે. તેથી વાંસની સળી કાળી નીકળે છે. વરસાદી વાંસની સળી કાળી થઈ જવાથી તેની ટકવાની ગુણવતા ઓછી થવાના કારણે તથા કાળી સળીઓનો ભાવ મળવો જોઈએ તેટલો મળતો નથી. જેના કારણે સારો મજબુત ટકાવ વાંસ પસંદ કરવાનો વધારે આગ્રહ રાખવો. તદ્ઉપરાંત થોડો લીલો વાંસ હોય તો તેને બરાબર સુકવીને પછી જ તેનો સળી માટે ઉપયોગ કરવો.

**2. <u>બે લોખંડના મજબૂત સળીયા અને એક ઈંટનો ટુકડો</u>**

વાંસ કટીંગ કરવા સપોટ માટે ચિત્રમાં દર્શાવેલ સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. તથા વાંસને સમથળ કાપી શકાય એના માટે આ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.

લોખંડના બે મજબૂત સળીયા જમીનમાં હલે નહીં એ પ્રમાણે જમીનમાં ગાળીદો એ બે ખીલ્લી વચ્ચેના ભાગમાં એક ઈંટનો ટુકડો મૂકીદો જેમાંથી વાંસ કટીંગ કરવું હોય તો બે સળીયા અને ઈંટના સપોટથી વાંસ કટીંગ કરતી વખતે હલી ન શકે તથા એક માણસ સરળતાથી વાંસ કટીંગ કરી શકે તેના માટે આ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.

**3. <u>એકસો બ્લેડ (આરી કરવત)</u>**

સામાન્ય રીતે એકસો બ્લેડનો ઉપયોગ વાંસ કટીંગ કરવા માટે થાય છે કારણ કે નાની આરીથી વાંસ ઝડપથી અને ઓછી મહેનતથી કાપી શકાય છે.

**4. <u>ખીલી ઠોકેલ અડધો ફુટ ચોરસ લાકડાનું પાટીયું :</u>**

ખીલી ઠોકેલ પાટીયું એ વાંસમાંથી એક મી.લી. સે.મી. લંબચોરસ પટ્ટી પાડવા વાંસ કટીંગના પોલાણ ભાગમાં સપોટ તરીકે મુકવા માટે આ સાધનનો ઉપયોગ





કરવામાં આવે છે.

5. એકસો બ્લેડ મોટું

એકસો બ્લેડ મોટું સામાન્ય રીતે વાંસની સળી બનાવવાની હોય ત્યારે કટીંગ વાંસમાથી લાંબી લંબચોરસ પટ્ટીઓ પાડવા માટે આ બ્લેડનો ઉપયોગ કરવામાં આવે છે.

પટ્ટી પાડવાની રીત વાંસના કટીંગ કરેલ ટુકડાનો એક-એક મી.લી. સે.મી. લંબચોરસ પટ્ટી પાડવી આ પટ્ટી પાડવા માટે ખીલી ઠોકેલ પાટીયાનો ખીલામાં વાંસના પોલાણ ભાગને અગુંઠાથી દબાવીને મોટા એકસો બ્લેડથી એક મી.લી સે.મી. લંબચોરસ પટ્ટીઓ પાડવામાં આ પ્રમાણેની પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.

6. નાની છરી:

નાની છરીને એક મી.લી સે.મી. લંબચોરસ ચપટ્ટી પટ્ટીને એક મી.લી. સે.મી. ચોરસ નાની નાની સળીનો છરીનો ઉપયોગ કરવામાં આવે છે.

7. હથોડી:

હથોડીનો ઉપયોગ વાંસની એક મી.લી સે.મી. લંબચોરસ પટ્ટી પાડવા મોટા એકસો બ્લેડને દબાણ કરવા અથવા ઠોકવા માટે હથોડીનો ઉપયોગ કરવામાં આવે છે.

અગરબત્તી સળી બનાવવાની રીત.

સૂકા વાંસને 8 ઈંચ, 12 ઈંચ લોખંડના બે સળીયા અને ઈંટ પર મુકીને તેના સપોટ રાખી સારી રીતે સમથળ વાંસ કટીંગ કરો. ધ્યાન રાખો કે 8 ઈંચ વાંસના ટૂંકડામાં વાંસનો કાંડાનો ભાગ આવવો જોઈએ નહી ત્યાર પછી ખીલી ઠોકેલ પાટીયા ઉપર વાંસના પોલાણ ભાગને ખીલી વચ્ચે રાખી અંગુઠાથી વાંસમાં કટીંગને હલકા વજને સપોટ કરી મોટા એકસો બ્લેડથી એક એક મી.લી સે.મીની ચપટી લંબચોરસ પટ્ટીઓ પાડો. પટ્ટી પડી ગયા પછી એ પટ્ટીને એક એક મી.લી સે.મી. ચોરસ નાની છરી વડે નાની નાની સળીઓ ચપટ્ટી પટ્ટીમાંથી કાપીને છૂટી પાડો. છૂટી પડેલ સળીયાઓમાં ઝીણા ઝીણા રેસાઓ હોય છે. જે 30:40 સળીઓ એક સાથે ભેગી કરીને ચોળી નાખવાથી ઝીણા ઝીણા રેસાઓ દૂર થઈ જાય છે. ત્યારબાદ અગરબત્તીની સળીઓ તૈયાર થઈ જશે.

આમ ઉપરોકત સાધનોથી તથા બનાવવાની રીત મુજબ અગરબત્તીની સળીઓ બનાવવામાં આવે છે. એના માટે ઉપરોકત થિયરીને ધ્યાનથી વાંચશો તો તમે તાલીમ લીધા વીના આરામથી સળીઓ બનાવી શકશો.

## યુનિવર્સિટીનું ગૌરવ

**વોઈસ ઓફ રશિયાની સ્પર્ધામાં સમગ્ર દેશમાં પ્રથમસ્થાન પ્રાપ્ત કરતા કચ્છના શિક્ષક : નાનજી જાજાણી**

વર્ષ : ૨૦૦૯ ને રશિયામાં ભારત વર્ષ તરીકે ઉજવવામાં આવેલ. આ પ્રસંગે વોઈસ ઓફ રશિયાની હિન્દી સેવા દ્વારા ભારત રુસ સંબંધો પર આધારિત એક પ્રશ્નોત્તર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. આ સ્પર્ધામાં સમગ્ર દેશમાંથી રેડીયો રુસના હજારો શ્રોતાઓએ ભાગ લીધેલ.




તાજેતરમાં તા. ૧૫-૧૬ ડીસેમ્બરના વોઈસ ઓફ રશિયા દ્વારા નવી દિલ્હી સ્થિત રુસી વિજ્ઞાન અને સાંસ્કૃતિક કેન્દ્રમાં ૪થું અખિલ ભારતીય શ્રોતા સંમેલન રસિયાના રાજદૂત શ્રી એલેકઝાન્ડર કદાકીનની અધ્યક્ષતામાં યોજાયેલ. આ સંમેલનમાં દેશભરમાંથી ૧૨૫ જેટલા રેડીયો રુસના શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સમગ્ર ગુજરાતમાંથી એકમાત્ર શ્રોતા શ્રી નાનજી જાજાણી ઉપસ્થિત રહ્યા હતા. પ્રારંભમાં રુસી વિજ્ઞાન અને સાંસ્કૃતિક કેન્દ્રના ડાયરેકટર શ્રી ફયોદર રઝોવસ્કીએ સૌને આવકાર આપતાં જણાવ્યું કે આ કેન્દ્ર ભારત અને રશિયાનાં સાંસ્કૃતિક અને વૈજ્ઞાનિક ઘટનાઓના આદાન-પ્રદાનનું એક મહત્ત્વનું સ્થાન છે.

શ્રી કદાકીને ભારત રુસનાં સંબંધો પર ચર્ચા કરતાં ૨૦૦૯ નું વર્ષ રુસમાં ભારત વર્ષ અને વર્ષ : ૨૦૦૮ ભારતમાં રુસ વર્ષ ઉજવવામાં આવેલ જેમાં રુસ અને ભારતનાં કલાકારો, વૈજ્ઞાનિક, ઉદ્યોગપતિઓ અને રાજકીય વ્યકિતઓએ ભાગ લઈ ભારતીય અને રુસી સંસ્કૃતિને પ્રદર્શીત કરી રુસ ભારતનાં મૈત્રી સંબંધોને વધુ

મજબૂત કર્યા છે. વોઈસ ઓફ રશિયા નવી માહિતી પ્રસારણ ટેકનોલોજી સાથે વિશ્વમાં અગ્રેસર છે.

આ પ્રસંગે પ્રસાર ભારતીના ડેપ્યુટી ડાયરેકટર શ્રી એચ.કે.પાણી સાહેબ ઉપસ્થિત રહી આકાશવાણી પણ એક્સટર્નલ સર્વીસ દ્વારા ૨૭ ભાષાઓમાં વિદેશીઓ માટે પ્રસારણ કરે છે જેમાં રશિયન ભાષામાં રશિયાનાં લોકો માટે ભારતીય સંસ્કૃતિ વિશે માહિતી પ્રસારીત કરવામાં આવે છે તેમ જણાવેલ.

આ પ્રસંગે વોઈસ ઓફ રશિયાના વિશેષ સંવાદદાતા નાતાલ્યા બેન્યુખે વોઈસ ઓફ રશિયા દ્વારા "૨૦૦૯ : રુસમાં ભારત વર્ષ" એ વિષય પર આયોજિત સ્પર્ધાની વિગતો જણાવી હતી. વોઈસ ઓફ રશિયાના દક્ષિણ એશિયા વિભાગના વડા શ્રીમતી ઈરીના મેક્સીમેન્કોના હસ્તે વિજેતા શ્રોતાઓને સન્માનવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં સમગ્ર ભારતમાંથી એક હજારથી વધુ શ્રોતાઓએ ભાગ લીધેલ જેમાં કચ્છનાં શિક્ષક શ્રી નાનજીભાઈ જાજાણી (સી.આર. સી. કો-ઓર્ડિનેટર મિરઝાપુર) ને સમગ્ર દેશમાં પ્રથમપુરસ્કાર આપવામાં આવેલ અને "For contributing to promoting a dialogue between the nations of the world"નો ડિપ્લોમા એનાયત કરવામાં આવેલ. શ્રી જાજાણીએ આભાર પ્રગટ કરતાં ભારત-રશિયાની મૈત્રી વિશ્વમાં બેજોડ છે એમજણાવી રશિયાના મહાન પુરુષો વિશે માહિતી આપી હતી. જેમાં વસીલી એલેઝાન્ડ્રોવીચ સુખોમ્લીન્સ્કી નામના એક શિક્ષકના જીવનના પ્રસંગો વર્ણવ્યા હતા. વોઈસ ઓફ રશિયાના હિન્દી ઉદ્‌ઘોષિકા શ્રીમતી ઈરીના લેબેદેવાએ શ્રોતાઓ સાથે વિચાર ગોષ્ઠી અને સંમેલનનું સંચાલન કર્યુ હતું.

આ સંમેલન અંગેની માહિતી વોઈસ ઓફ રશિયાની હિન્દી વેબ સાઈટ www. hindi.ruvr.ru પર ઉપલબ્ધ છે.

## 'कडवी मिठास' - एक दृष्टि-

समलोजना-डॉ.कुसुमशर्मा,
व्याख्याता-हिन्दी

'कडवी मिठास' श्री ओम प्रकाश साहेलजी 'साहिल' की कविताओं गीत, गजल, भेंट, भजन का 'देवनागरी' लिपि में रचित प्रथम काव्य संग्रह है। कवि ने समय एवं परिवेशजनित अनुभवों, सामाजिक सरोकारो में निहित - हित, प्रेम, आशा-निराशा, प्यार, बेरुखी, विनोद, कटाक्ष, अन्याय, उत्साह, आनंद को अपने में संजोकर कलात्मक ढंग से अभिव्यक्ति देने का प्रयास किया हैं। अनुभवजन्य अनुभूतियों के विविधरंग होते हैं वे अपनी - अपनी अभिव्यक्ति के लिए कलाकार से अलग- अलग माध्यमों की मांग करते हैं। गीत और गजल दोंनो ही संवेदना के एक रंग विशेष की विशिष्ट अभिव्यक्ति हैं 'साहिल' की 'जिन्दगी जो 'कडवी ही मिठास ' है अर्थात दिल में क्षोभ और व्यथा है जिसके बादल छटने से जीवन में आयी हुई, उमंग और उत्साहजन्य अनुभूतियों को, एक - एक मणका को माला में पिरोने की भांति, गीत और गजलों में पिरोकर काव्य-फलक पर उतारा है। 'साहिल' की हर गजल में संवेदना की सरल भाषा में सहज अभिव्यक्ति हैं जो पाठक को सहजता से अपने साथ ले चलती है और अर्न्तवस्तु की गहराई तक पहुँचाती है, जैसे

"तू हँसा तो हँसी दुनिया, रोया सिर्फ अकेला"। इसी तरह

"एक दर्द पल रहा है सीने में, हम हो चुकेगें बूढे, जब यह जवान होगा"

दृष्टव्य है कि यहाँ मन की ऊहापोह कम, सीधी सरल भाषा में दिल में पल रहे दर्द का चित्रण है। कवि स्वभाव की लाक्षणिकता का एक चित्र, जैसे-

"हाथ हमसे युँ मिलाया है जैसे गैर हो,
बेरुखी भी क्या नजाकत से दिखाई-आपने"।

यहाँ भाषा की सज्जता एवं अनभूति की सहजता ये कवि कौशल्य पाठक को अभिभूत करता है।

'साहिल' मूलतः संवेदना के कवि हैं। उनके सर्जनात्मक व्यक्तित्व में व्यक्ति, समाज सबन्ध, और गीत जैसे एकरुप हो गये हैं। इस पुस्तक की समूची संवेदना में मानवीय संबंधो की चेतना ही सक्रिय है। एक तरफ 'साहिल' के दिल के दर्द से संस्पर्श भरे गीत हैं तो दूसरी तरफ 'प्रेम के नये तराने', नई उमंग की ध्वनि भी गीतों में गायी गयी हैं। इन गीतों में नये पुराने दोंनों ही प्रकार के बिम्ब और प्रतीकों का प्रयोग है। अर्थात 'साहिल' के गीतों में बिम्ब और प्रतीकों का एक अलग संसार है। परम्परागत प्रतीक भी अभिव्यक्ति को नृई ताजगी देते हैं जैसे-

"महक उठी मेरी बगिया,
दूर हुई पतझड की आँधी,
पी, पी राग पपीहा गाहे,

मैंने डोर पिया संग बाँधी"।

इन गीतो में ध्वन्यात्मक चित्र भी नए अंदाज में प्रस्तुत हैं जैसे-

"सरसे सरक सरक गिर जाता, थामें उस आँचल को,
है समझाती फिर बहलाती अपने मन चंचल को"।

इस ध्वनि चित्र में मन की विविधछबियाँ पाठक को स्नात करती हैं, और अन्तर्वस्तु की प्रवहमानता गहरे तक प्रभावित करती हैं। पाठक अपने को भरा-भरा महशूस करता है । लोक गीतों में (पंजाबी गीत) बोली भाषा के शब्द उस समाज की लोक चेतना का अनुभव भी कराते हैं जैसे,

"प्यार दे दुलारे मैंनू बोहतयां ने मारे
हरे बाग दिखाये
ताँहगा ओस दिया मैंनू
दिल बिच जो समाये
सोहँ रब दी मैंनू नीन्द न आये
प्यार विच रब-ए-ते रब विच प्यार
एहो जिन्दयी दा सार
एदो 'साहिल' सुनाये-सोहँ रब दी....."

'साहिल' के गीत और गजलों की अभिव्यक्ति का धरातल मानवी किशोर वय की संवेदनाएँ, जो जिन्दगी को कड़्वाहट देती है लेकिन वे जीने का आधार भी हैं जीवन की इस विसंगतता को शीर्षक पद 'कड़्वी मिठास' भाषिक स्तर पर विषर्यय द्वारा लाक्षणिक अभिव्यक्ति 'साहेलजी' की कलात्मक सूझ-बूझ का परिचय देती रही हैं।

इस पुस्तक में बचपन के गीत तथा भेटं, भजन, को भी स्थान दिया गया है। जो जीवन में आने वाले परिवर्तन (जीवन की परिपक्वता) दिल में आनंद, आशा और उत्साह का संचार करते हैं, कवि की ईश वंदना जीवन के प्रति अटूट आस्था और विश्वास को अभिव्यक्त करती है।

इस पुस्तक के प्रकाशन का प्रयोजन राज-भाषा हिन्दी के प्रचार-प्रसार के कार्य में सहयोग प्रदान करना है। दर्शन 'साहिल' का यह कार्य उनकी मेहनत, सूझ-बूझ और प्रकाशन कौशल का स्वत: प्रमाण है। उनका राज-भाषा हिन्दी के प्रति प्रेम, और विकास के प्रति, आदर- भाव दोंनो ही कार्य प्रंसशनीय एवं अनुकरणीय है। यह कार्य राज-भाषा 'हिन्दी' के विकास को एक नई दिशा, और उसकी गति में नई ताजगी भरेगा । राज-भाषा हिन्दी के प्रचार-प्रसार के क्षेत्र में ओम प्रकाश साहेल 'साहिल' एवं दर्शन साहेल दोंनो की एक साथ उपस्थिति दर्ज कराने वाला नया प्रकाशन है।

## આ રાત

અધૂરી જિંદગીની અધૂરી વાત
ધીરે ધીરે વહે છે આ રાત

કણસી કણસી તૂટે છે જાત
અંદર તૂટે છે અંતરની ઘાત

ઉદાસી પણ આવી છે નાત
ધીરે ધીરે વહે છે આ રાત!

અંકુર શ્રીમાળી
(એમ.એસ. ડબલ્યુના વિદ્યાર્થી)

## એકલવ્ય

એક હતો અંગૂઠો એ પણ માંગી બેઠા દ્રોણ.
એકલવ્યનું કોણ? બોલો એકલવ્યનું કોણ?
આ લીલાંછમવૃક્ષ ફાલ્યાં સત્તાથીય વિશેષ,
શ્વાન નહીં પણ ભસ્યો હશે ત્યાં ઈર્ષ્યાનો પરિવેશ,
મ્હેલોથીયે વધુ વૈભવી આ નાનકડું ભોણ!
એકલવ્યનું કોણ?
ભોળાં હરણાંને ભોળાં છે આ ઝરણાંનાં નીર,
એથીયે પણ ભોળું નીસર્યું આ વનવાસી તીર,
લોટ બાંધવા કોઈ ન માંગે કદી રકતનું મોણ!
એકલવ્યનું કોણ?
હજુય કયાં લગ માંગ્યા કરશો આમતમે અંગૂઠા?
માંગી માંગીને ય તમારા હાથ થયા છે ઠૂંઠા,
ફરી ફરી વર્તુળ શા માટે? રચો કદી ષટ્કોણ
એકલવ્યનું કોણ?

કૃષ્ણ દવે
ભૂતપૂર્વ વિદ્યાર્થી

## પ્રવેશ વિભાગ

Aug-2009ની પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત કુલ 22522 વિદ્યાર્થીઓને જુદા-જુદા અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવામાં આવેલ. જેમાં S.Y., T.Y., M.A.-II પ્રમોટીના વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓને તેમના પ્રવેશ અંગેની જાણકારી આપતા કન્ફરમેશનના પત્રો પોસ્ટ કરવામાં આવેલ અને આ

વિદ્યાર્થીઓનાં આઈ-કાર્ડ તેમના અભ્યાસકેન્દ્રો પર મોકલવામાં આવેલ. વિદ્યાર્થીઓની પ્રવેશ યાદી યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકવામાં આવેલ છે. Feb-2009 માં BPPમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને પણ Aug-2009ની પ્રવેશ પ્રક્રિયાના ભાગરૂપે ઓફર લેટર મોકલવામાં આવેલ અને આ વિદ્યાર્થીઓને પ્રવેશ બાદના કન્ફરમેશનના પત્રો હવે પોસ્ટ કરવામાં આવશે.

કેન્દ્રના સંયોજકશ્રીઓને ખાસ જણાવવાનું કે વિદ્યાર્થીઓનાં ડુપ્લીકેટ આઈ-કાર્ડ મેળવવા માટે રૂા.25/- નો "ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ" નો ડિમાન્ડ ડ્રાફ્ટ કઢાવવો તથા જે-તે વિદ્યાર્થીની ઓળખનો આધારભૂત પુરાવો અચૂક મોકલવો જેથી કાર્યવાહી ત્વરીત થઈ શકે.

## પરીક્ષા વિભાગ

### ઓગષ્ટ/સપ્ટેમ્બર-2009 પરીક્ષા પરિણામ

ઓગષ્ટ/સપ્ટેમ્બર-2009 માં લેવાયેલ સત્રાંત પરીક્ષાનું મૂલ્યાંકન કાર્ય પૂર્ણ થયેલ છે. તે વિવિધ અભ્યાસક્રમોના પરિણામો યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકાયેલ છે. આ ઉપરાંત CCC-IN સર્વિસની ઓક્ટોબર-2009માં પાસ થનાર વિદ્યાર્થીઓને તેમની માર્કશીટ - પ્રમાણપત્ર યુનિવર્સિટી દ્વારા તેમના નોંધાયેલ સરનામે રજિસ્ટર પોસ્ટથી મોકલી આપવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| 1 | BPP-AUGUST-2009 | 16/10/2009 |
| 2 | CCC-IN-AUGUST-2009 | 16/10/2009 |
| 3 | CALT-AUGUST-2009 | 23/11/2009 |
| 4 | CCCD-AUGUST-2009 | 23/11/2009 |
| 5 | CCSE-AUGUST-2009 | 23/11/2009 |
| 6 | CES-AUGUST-2009 | 23/11/2009 |
| 7 | CFN-AUGUST-2009 | 23/11/2009 |
| 8 | CTM-AUGUST-2009 | 23/11/2009 |
| 9 | CMT-AUGUST-2009 | 05/12/2009 |
| 10 | CEA-AUGUST-2009 | 05/12/2009 |
| 11 | MSO-AUGUST-2009 | 05/12/2009 |
| 12 | MHD-AUGUST-2009 | 05/12/2009 |
| 13 | MGT-AUGUST-2009 | 05/12/2009 |
| 14 | MEG-AUGUST-2009 | 05/12/2009 |
| 15 | CHR-AUGUST-2009 | 10/12/2009 |
| 16 | CPFM-AUGUST-2009 | 17/12/2009 |
| 17 | B.ED.-AUGUST-2009 | 19/12/2009 |
| 18 | CYS-AUGUST-2009 | 23/12/2009 |
| 19 | CIN-AUGUST-2009 | 24/12/2009 |
| 20 | B.A.-AUGUST-2009 | 26/12/2009 |
| 21 | B.Com.-AUGUST-2009 | 26/12/2009 |
| 22 | CIC-AUGUST-2009 | 31/12/2009 |
| 23 | CPCS-AUGUST-2009 | 31/12/2009 |

## M.S.W વિભાગ

M.S.W અભ્યાસક્રમ અંર્તગત તા.8/11/2009 થી 14/11/2009 સુધી M.S.W ના વિદ્યાર્થીઓની મૌખિક પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં પાર્ટ-I ફિલ્ડવર્કમાં 11 વિદ્યાર્થી, પાર્ટ-II ફિલ્ડવર્કમાં 22 વિદ્યાર્થીઓ, કેન્દ્ર નિવાસી તાલીમમાં 18 વિદ્યાર્થીઓ, લઘુસંશોધન નિબંધમાં 37 વિદ્યાર્થીઓ, અંતિમમુખ્ય મૌખિક પરીક્ષા 52 વિદ્યાર્થીઓની લેવામાં આવી હતી. 199 M.S.W ના વિદ્યાર્થીઓમાંથી 105 વિદ્યાર્થીઓનું પરિણામ આપી દેવામાં આવેલ છે. 94 વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રવૃત્તિની અપૂરતાના કારણે પરિણામ યથાવત રાખવામાં આવેલ છે. જે પૂરતા થતાં પૂર્ણ કરી દેવામાં આવશે.

M.S.W 2010 ની શૈક્ષણિક શિબિર તા.08/01/2010 થી 27/01/2010સુધી મુ.પો. બેરણા તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા ખાતે આયોજન કરવામાં આવેલ.

નવનીત ગાયકવાડ

## અભ્યાસકેન્દ્ર સંચાલન

અભ્યાસકેન્દ્ર સંચાલન દ્વારા ગુજરાતના વિવિધ કેન્દ્રોને લગતાં જે પ્રશ્નો ઉભા થાય છે, તે દરેક પ્રશ્નોનો ઉકેલ લાવવામાં આવશે. અભ્યાસ કેન્દ્રને લગતા સુધારા વધારા અંગે અભ્યાસ કેન્દ્ર સંચાલન વિભાગને જાણ કરવી.

AUG-09 થી NOV-09 સુધીનું ચાર મહિનાનું માનદ્વેતન કેન્દ્રોની પ્રવેશ વિભાગની યાદીની સંખ્યાના આધારે તા.7/12/2009 ના રોજ ચૂકવવામાં આવ્યું છે.

આપણી યુનિવર્સિટીના દરેક અભ્યાસ કેન્દ્રો/પ્રોગ્રામકેન્દ્રોને ખાસ જણાવવામાં આવે છે કે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને દરેક કેન્દ્રો ઉપર પૂરતી માહિતી મળી રહે તેવી વ્યવસ્થા કરવી.

(ઉમેદભાઈ એસ. ધાધલ)

## સ્પે. બી.એડ.

સ્પે. બી.એડ. વિદ્યાર્થીઓની પ્રથમવર્ષ 7 વર્ષનાં વિદ્યાર્થીઓની દ્વિતીય વર્ષની પરીક્ષા પૂર્ણ થઈ ગયેલ છે. બે વર્ષનાં સ્ટેટમેન્ટ માર્કસ યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકવામાં આવેલ છે. દ્વિતીય બેચની પ્રથમવર્ષની પરીક્ષા પૂર્ણ થયેલ છે. દ્વિતીય વર્ષના પુસ્તકો સેન્ટર પર મોકલવામાં આવેલ છે.

## પી.એચ.ડી. વિભાગ

પી.એચ.ડી. વિભાગમાં 32 વિદ્યાર્થીઓએ શોધ નિબંધ જમા કરાવેલ છે. જેમાંથી 11 વિદ્યાર્થીઓના વાયવા માટેનું આયોજન કરી વાયવા તા.2,4 અને 5/01/2010 ના દિવસે આયોજન કરવામાં આવેલ છે.

## બી.એડ.વિભાગ

બી.એડ. અભ્યાસક્રમનાં 2009-10 માં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયે તેમના સ્વાધ્યાય સેન્ટર પર પહોંચાડવામાં આવેલ છે. તા.26/12/09 નાં રોજ પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષની પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ. આઈ-કાર્ડ અને વિદ્યાર્થી-શિક્ષક હેન્ડબુક ટૂંક સમયમાં અભ્યાસ કેન્દ્ર પર મોકલી આપવામાં આવશે.

## SC/ST Cell

SC/ST Cell દ્વારા ઓગષ્ટ-2009ના શિષ્યવૃત્તિનાં ફોર્મ 157 સેન્ટર પર મોકલવામાં આવેલ છે. 2006 થી 2008 સુધી આવેલ શિષ્યવૃત્તિનાં ચેક આદેશ પ્રમાણે વિદ્યાર્થીઓને રજી.એડી. થી ઘરે પહોંચાડવામાં આવેલ છે. તા. 3, 4/11/09 અને 11/12/09 ના રોજ શિષ્યવૃત્તિનાં ફોર્મ ચેક કરવા માટે સમાજકલ્યાણ ખાતાંમાંથી આવેલ 2006 ના 63 ફોર્મ મંજૂર કરેલ છે. 2007ના 57 ફોર્મ મંજૂર કરેલ છે. 2008ના અને 2009નાફોર્મ અમદાવાદ જિલ્લાનાં શિષ્યવૃત્તિનાં ફોર્મ ચેક કરી શિષ્યવૃત્તિ મંજૂર કરશે. જેમાં તા.29/11/09 ના રોજ 23 જિલ્લામાં 2006 થી 2009 ના ફોર્મ મોકલવામાં આવેલ છે.

**વિદ્યાર્થીઓ અને કેન્દ્ર સંચાલકો ના માટે ખાસ સૂચનો :**

**(1)** વિદ્યાર્થીઓએ ઓગષ્ટ-09નાં ફોર્મ જે - તે કેન્દ્ર પરથી લઈ દરેક વિગતો ભરી યુનિવર્સિટી ખાતે જમા કરાવવા. ફોર્મ જમા કરાવવાની છેલ્લી તા.31/12/09 હતી.

**(2)** સેન્ટર અને વિદ્યાર્થીએ ઓગષ્ટ -2009 સિવાયના ફોર્મ ભરી મોકલવા નહી જેની કાર્યવાહી પૂર્ણ થયેલ છે. જૂના ફોર્મ મોકલાવશો તો તેની જવાબદારી યુનિવર્સિટીની રહેશે નહી.

**(3)** વિદ્યાર્થીઓએ આવકની અને અભ્યાસના સમયગાળાની વિગતો ભરવી વચ્ચે તૂટના સમય માટે એફિડેવીટ કરાવવું.

**(4)** મેળવેલ ડીગ્રીની પ્રમાણિત નકલો જોડવી.

**(5)** વિદ્યાર્થીઓ એ ફોર્મ સાથે ચેકલિસ્ટ પ્રમાણેની વિગતો બરાબર વાંચ્યા પછી જ ફોર્મ પૂર્ણ કરી વિગતો સાથે કેન્દ્ર પર ચેક કરાવી જમા કરાવવું શિષ્યવૃતિનાં ફોર્મ બાબતે જાણકારી માટે ફોન નં - 9375367024 પર ડૉ. મીના આઈ રાજપૂતનો સંપર્ક કરવો.

## ગ્રંથાલય વિભાગ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા Aug-09 ના સત્રથી " બેચરલ ઓફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફરમેશન સાયન્સનો " અભ્યાસક્રમ ચાલુ કરવામા આવેલ છે. BLIS અભ્યાસક્રમ માટે કુલ 12 કેન્દ્રોને માન્યતા આપવામાં આવેલ છે. Aug-09 ના સત્રમાં કુલ-9 કેન્દ્રો ચાલુ છે. બાકીના ત્રણ કેન્દ્રો વિદ્યાર્થીની સંખ્યા ન થતાં અન્ય કેન્દ્રોમાં મર્જ કરવામાં આવેલ છે. BLIS ના ચાલુ 9 કેન્દ્રો પર પરામર્શન સત્રોનું આયોજન કરી મોકલી આપવામાં આવેલ છે. BLISના તમામ વિદ્યાર્થીઓના પરામર્શન સત્રો તા.30/12/09 થી ચાલુ કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓને આપવાના થતા સ્વાધ્યાયકાર્યો કેન્દ્રોપર મોકલી આપવામાં આવેલ છે. કેન્દ્રોએ વિદ્યાર્થી પાસે સ્વાધ્યાયકાર્ય સમયસર મેળવી લઈ ચેક કરાવી યુનિવર્સિટી કાર્યાલયે માર્કસ મોકલી આપવાના રહેશે

પ્રેકટીકલના પેપર 3P અને 4P માટે અભ્યાસ સામગ્રી સાથે વર્ગીકરણ અને સૂચીકરણના શીડયુલની એક નકલ મોકલી આપવામાં આવેલ છે.

## તલાટી પ્રોજેકટ

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ નોકરી માટે જે વિદ્યાર્થીઓએ ફોર્મ ભરેલા તે તેમની નોકરીમાં મુશ્કેલી ન સર્જાય તે માટે CCC-BAOU તથા CIC ની એક સ્પેશ્યલ બેચ બહાર પાડવામાં આવેલ જેનો મુખ્ય ઉદ્દેશ નવી નોકરીમાં ફરજિયાત CCC-BAOU તથા CICના કોર્ષ માંગે છે. તેના માટે સુવિધા પૂરી પાડવાનો હતો . આ અંગેની જાહેરાત સમાચાર પત્ર આપવામાં આવેલ તેની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરી વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવેલ. તાલીમ લીધેલ વિદ્યાર્થીઓની પરીક્ષાનું આયોજન તા. 06-01-2010 અને તા .07-02-2010 રોજ કરી તેનું પરિણામ તા.23-02-2010 રોજ જાહેર કરી www.baou.org વેબસાઈટ પર મુકેલ છે. તથા તેના માર્કશીટ અને સર્ટીફિકેટ વિદ્યાર્થીને પોતાના સરનામા પર રવાના કરવામાં આવેલ છે. જે દરેક વિદ્યાર્થીઓએ નોંધ લેવી.

શ્રી મતી ચેતના શાહ
ઉમેદભાઈ એસ ધાંધલ

## સેટોડિયલ કાર્યક્રમ

સેટોડિયલ દ્વારા સપ્ટેમ્બર માસમાં "ફ્રેન્ચ ભાષાનું શિક્ષણ" વિશે કે. કા. શાસ્ત્રી સરકારી વિનયન કોલેજના પ્રા. નિસર્ગ આહિરે (કો-ઓર્ડિનેટર ફોરેન લેંગ્વેજીસ ) માર્ગદર્શન આપ્યું હતું. સંચાલન પ્રા. હરદ્વાર ગોસ્વામીએ કર્યુ હતું.

## રેડિયો કાર્યક્રમ

તા. 19/8/09રોજ સંસ્કૃતના વિદ્યાર્થી માટે ડૉ.શાન્તિકુમાર પંડયાએ "સંસ્કૃતના મહાકાવ્યો" વિષય પર પ્રશ્નોત્તરી કરી હતી. સંચાલન પ્રા. હરદ્વાર ગોસ્વામીએ કર્યુ હતું.

તા. 20/9/09ના રોજ ગુજરાતી સાહિત્યના વિદ્યાર્થી માટે ડૉ. સતીષ વ્યાસએ ગુજરાતી નાટક વિશે વાત કરી હતી. સંચાલન પ્રા. હરદ્વાર ગોસ્વામીએ કર્યુ હતું.

તા. 15/11/09ના રોજ ગુજરાત યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના અધ્યક્ષ ડૉ. અરૂણ વાઘેલાએ 'ભારતીય સ્વતંત્ર સંગ્રામ' વિશે માર્ગદર્શન આપ્યું હતું. સંચાલન પ્રા. દિલીપ કાતરિયાએ કર્યુ હતું.

તા. 20/12/09ના રોજ ગુજરાત યુનિવર્સિટીના પ્રો. ગૌરાંગ જાની (બોર્ડ મેમ્બર : BAOU) એ ભારતીય સામાજિક સમસ્યા વિષય પર વાર્તાલાપ આપ્યો હતો. સંચાલન પ્રો. રાજેન્દ્ર જાનીએ કર્યુ હતું.

મહિનાના ત્રીજા રવિવારે ઈગ્નૂના જ્ઞાનવાણી (FM 105.4)રેડિયો પરથી સવારે 9 થી 10 દરમિયાન પ્રસારિત થાય છે. જેમાં શૈક્ષણિક ફોન ઈન પ્રસારિત કરવામાં આવે છે. સહૃદયી શ્રોતાને માણવા માટે નિમંત્રણ છે.

## સ્વાધ્યાય-વિભાગ

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા ઓગષ્ટ-2009 માં પ્રવેશ લીધેલ તેમજ 'BPP' પ્રોગ્રામના પ્રમોટી વિદ્યાર્થીઓ માટેના સ્વાધ્યાયકાર્યો તમામ અભ્યાસકેન્દ્ર પર સમય મર્યાદા (ઓકટોબર) માં મોકલાવેલ હતા. આ વર્ષ પહેલા એટલે કે જૂના વિદ્યાર્થી B.A./B.Com (S.Y./T.Y.) ત્રણ-ત્રણ સ્વાધ્યાયકાર્યમાં ત્રીજુ સ્વાધ્યાયકાર્ય 'CMA' મૂલ્યાંકન માટેની 'કી' મોકલેલ છે. વિદ્યાર્થીઓ દ્વારા સ્વાધ્યાયકાર્ય તૈયાર કરવાની પ્રક્રિયા પરીક્ષાના મદદના ભાગ રૂપે હોય છે. તેથી દરેક વિદ્યાર્થીઓના પાઠયક્રમોના સ્વાધ્યાયકાર્ય અભ્યાસકેન્દ્ર પર સમય મર્યાદામાં (છેલ્લી તારીખ) માં જમા લેવા અને ટૂંક સમયમાં તજજ્ઞો પાસેથી તેનું મૂલ્યાંકન કરાવી પરીક્ષા પહેલા વિદ્યાર્થીઓને મૂલ્યાંકન થયેલ સ્વાધ્યાયકાર્ય પરત આપવા યુનિવર્સિટીના નિયમ મુજબ ફરજીયાત છે. જે તમામ સંયોજકશ્રીએ ધ્યાને લેવા નમ્ર વિનંતી છે.

વર્ષ-2010 થી વિદ્યાર્થીઓના સ્વાધ્યાયકાર્યોના ગુણ (પરીક્ષા સ્ટેટમેન્ટ) સાથે મોકલી શકાય તેના માટે સંયોજકશ્રી દ્વારા પોતાના અભ્યાસકેન્દ્ર પર જમા થયેલ સ્વાધ્યાયકાર્યોનું તજજ્ઞો પાસેથી મૂલ્યાંકન કરાવી તેના

મૂલ્યાંકન પત્રક અને ગુણપત્રક જુલાઈ-2010 ની સત્રાંત પરીક્ષા પહેલા જૂના વિદ્યાર્થીઓ અને નવા વિદ્યાર્થીઓના ગુણ જુદા-જુદા મૂલ્યાંકન પત્રકોમાં તજજ્ઞો પાસેથી તૈયાર કરાવી યુનિવર્સિટીમાં સ્વાધ્યાયકાર્ય વિભાગમાં મોકલી આપવાના રહેશે.

કુસુમ બી. શર્મા

## વ્યસનમુક્તિ સમાજ કાર્યક્રમ:- સેન્ટર કોડ-૧૦૧૧

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના દુરવર્તી શિક્ષણ એટલે કે ગુજરાતના છેવાડાના માનવી સુધી શિક્ષણરૂપી જ્ઞાનના ગુલાબો ખીલવવાના કાર્યમાં એક નાનકડા સૈનિક તરીકેની જવાબદારી અમારી સંસ્થા પર મૂકવામાં આવેલ વિશ્વાસને અમારો શ્વાસ માનીને કાયમ ધબકતો રાખશું.

અભ્યાસકેન્દ્રમાં અમો આજ સુધી યુનિવર્સિટીના માર્ગદર્શન અને સૂચનોથી અમોએ કોમ્પ્યુટર અભ્યાસક્રમની તા.૧૭/૭/૨૦૦૭ થી વર્તમાન સત્ર સુધીમાં કુલ ૩૧૮ તાલીમાર્થીઓએ પ્રવેશ મેળવીને યુનિવર્સિટીના અભ્યાસક્રમનો લાભ લીધેલ છે.

સંસ્થાની સમાજ પ્રત્યેની નૈતિક ફરજના ભાગરૂપે અભ્યાસકેન્દ્રના વર્તમાન સત્રના (તલાટી પ્રોજેક્ટ તથા રેગ્યુલર બેચના) કુલ ૧૨૯ વિદ્યાર્થીઓની હાજરીમાં સમાજ ને શુભ સંદેશ પહોંચાડવાના આશયથી આપણી યુનિવર્સિટીના ઉત્તર ગુજરાત વિભાગના પ્રાદેશિક નિયામકશ્રી એલ.એમ.રેવડીવાલા સાહેબની અધ્યક્ષતામાં 'વ્યસનમુક્ત સમાજ ' કાર્યક્રમનું આયોજન તા. ૨૪-૦૧-૨૦૧૦ને રવિવારે સવારે ૧૧.૦૦ કલાકે રાખેલ. મહેમાનોનું શાબ્દિક તેમજ પુષ્પ ગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ. આ ઉપરાંત સંસ્થાનો ટૂંકમાં પરિચય આપવામાં આવેલ. જેમાં યુનિવર્સિટીના અભ્યાસક્રમોની તથા તેના મહત્ત્વની શ્રી રેવડીવાલા સાહેબે બહુ જ સુંદર રીતે સમજ આપેલ. વ્યસન



મુક્તિ અંગેની પ્રેરણાત્મક રજુઆત અમારા વિસ્તારના દિયોદર તાલુકાના બ્લોક હેલ્થ ઓફીસર શ્રી ડૉ. બ્રિજેશભાઈ વ્યાસ સાહેબે કમ્પ્યુટર પ્રોજેક્ટ ઉપર ફોટોગ્રાફી સાથે રજુઆત કરેલ અને તેનાથી થતા રોગોની માહિતી આપેલ તેમજ આંતરરાષ્ટ્રીય આંકડાઓ રજૂ કરેલ. આ પ્રસંગે અમારા વિસ્તારના માધ્યિમક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાના આચાર્યો તથા કોલેજના પ્રાધ્યાપકો હાજર રહેલ. જેમા કાર્યક્રમનુ સંચાલન હિતેશભાઈ રાવલ (આચાર્યશ્રી - માધ્યમિક શાળા વિવિધલક્ષ વિદ્યામંદિર) દ્વારા કરવામાં આવેલ. છેલ્લે મહેમાનો તથા વિદ્યાર્થીઓનો આભારવિધિ સંસ્થાના મંત્રી હિતેશભાઈ સાધુ દ્વારા કરવામાં આવેલ અને પ્રસંગને ખૂબ જ ઉત્સાહ અને આનંદપૂર્વક પૂર્ણ કરવામાં આવેલ.

## સૌને ઉપયોગી નોંધપોથી પુસ્તક પરિચય:

ગુજરાત સરકારમાં ઉચ્ચ અધિકારી તરીકે કાર્યરત શ્રી હસમુખ અઢિયાનો પ્રલંબ વહિવટી અનુભવ છે. એમના કાર્યકાળ દરમિયાન એમણે અનેક સર્જનાત્મક કાર્યો કર્યા છે. એમની અંદર પણ એક સર્જનાત્મકતા ધબકે છે. પણ વ્યસ્તતામાં કયાંક એ ખોવાઈ ગઈ છે. પણ અંદર પડેલું હોય એ કયાંક જતું નથી એ એમના પુસ્તક 'મારી નોંધો મારા પોતાના માટે'(My notes to My self) દ્વારા પ્રતીત થાય છે.

નોંધપોથીના સ્વરૂપે લખાયેલા આ પુસ્તકમાં હસમુખભાઈએ એમના વિવિધ અનુભવોનું આલેખન કર્યુ છે. પુસ્તક લખવાનો એમનો આશય આમુખમાં સ્પષ્ટ થાય છે. 'આ નોંધ આમ તો મારા પોતાના વિકાસ માટે લખાઈ હતી, પરંતુ શ્રી મકરંદભાઈ દવેએ કહ્યું છે-' ગમતું મળે તો એને ગુંજે ન ભરીએ, ગમતાનો કરીએ ગુલાલ...... પોતાના સહકર્મચારી પાસેથી ઉત્તમ કામ મેળવવા માટેના કેટલાક ઉપાયો આ પુસ્તકમાં આલેખિત થયા છે. સરકારી તંત્રની મર્યાદા અને મહત્તા વચ્ચે રહીને કામ કેમ કરી શકીએ એ આ પુસ્તક દ્વારા જાણી શકાય છે.

અઢિયાસાહેબના અનુભવોનો નિચોડ પૃષ્ઠ પર પડઘાય છે. ૭૨ પૃષ્ઠમાં પથરાયેલું આ પુસ્તકમાં કેટલાક સૂક્ષ્મ નિરિક્ષણો હાથ છે. પુસ્તકના અંતે 'વાચકની નોંધ'

શીર્ષક તળે બે કોરા પૃષ્ઠ છે. જેમાં વાચક પોતાની નોંધ દ્વારા કલ્પનાયન કરી શકે છે.

'એક કોયડો' થી પ્રારંભ થયેલું પુસ્તક 'દિન ૧૮નો સંકલ્પ : અનુભૂતિ' અને 'ઉપસંહાર' પૂર્ણ થાય છે.

પુસ્તકમાં ઊડીને આંખે વળગે એવી બાબત એ છે કે પાને પાને હકારાત્મક અભિગમ સતત પડઘાય છે. ક્યાંય નિરાશા, હતાશા દેખાતી નથી. દોષનો ટોપલો અન્ય પર ઢોળવાને બદલે જાતને કઠેડામાં ખડી કરવાની હિંમત અને હિકમત તો હસમુખભાઈની જ..... કેટલાક ઉદાહરણ જોઈએ તો.........અમલદારશાહીની આ સ્થિતિ માટે દોષ કોનો? હું એ વિચારું છું કે હું આ સ્થિતિને બદલી શકું કે કેમ?

સરકારી તંત્રનું નિરાશાજનક વાતાવરણ બદલવાની જવાબદારી કોની છે? આ પરિસ્થિતિને સુધારવાની મુખ્ય જવાબદારી ઉચ્ચ અધિકારીઓની જ છે.

મેં જે કંઈ સારું કામ કર્યું હોય તેને માટે મારા ઉપરીઓ મને બિરદાવતા નથી, તેનો જો મને વસવસો હોય તો શું કમ સે કમ મારા હાથ નીચેના કર્મચારીઓની શાબાશી મેળવવાની ઈચ્છા મારે પૂરી ન કરવી જોઈએ?

પુસ્તકની ભાષા નોંધપોથી જેવી જ છે. હૃદયમાંથી નીકળ્યું એ બધું નોંધ્યું છે, એથી એમાં એક તાજગી છે........ સીધી સરળ ભાષામાં પણ એક નજાકત છે.......... મને ઘણીવાર આશ્ચર્ય થાય છે કે સરકારમાં કેમ અમુક જ કર્મચારીઓ ખંતપૂર્વક કામ કરે છે અને બાકીના મોટા ભાગના પોતાનો યથાર્થ ફાળો આપવામાં કંજૂસાઈ કરે છે?

નીચલા વર્ગના કેટલાક કર્મચારીઓ બગડેલા ઝેરોક્ષ મશીન અને કમ્પ્યુટર સાથે ઓફિસના સમય પછી પણ મોડે સુધી કામ કરતા રહે અને ઉપરી અધિકારી સમય થતાં જ ઓફિસ છોડી ગોલ્ફ રમવા ઉપડી જાય.

હું મારા કર્મચારી માટે રક્ષણાત્મક દીવાલનું પાત્ર ભજવવાનો નિર્ણય લઉં.

સારું માનવ સંપત્તિ સંચાલન(HRM) એ સારા અધિકારીનો સૌથી મહત્વનો ગુણ છે.

આ પુસ્તકની વિશેષતા એ રહી છે કે નોંધના સામેના પૃષ્ઠ પર મહાપુરુષો લેખ અનુરૂપ ઉક્તિઓ સોનામાં સુગંધ ઉમેરે છે. જે પુસ્તકને ઉઘાડ અને ઉપાડ આપનારાં છે કેટલીક ઉક્તિઓ તો આંખ અને અંતર ખોલી નાખનારી છે. જુઓ...................

લોકોને ફટકારતા રહીને નેતૃત્વ ન કરી શકાય. એ તો દાદાગીરી કહેવાય, નેતૃત્વ નહીં. (Dwight D. Eisennower)

જ્યારે આપણને લાગે છે કે આપણે દોરી(Lead) રહ્યા છીએ ત્યારે મોટા ભાગે આપણે જ દોરાઈ રહ્યા હોઈએ છીએ (Lord Byron)

સેવા દ્વારા આપણે ધરતી પર રહેવાનું ઋણ ચૂકવીએ છીએ.(Lord Halifan)

પોતાના જ ઉદાહરણથી રાહ બતાવવો એનું નામ નેતૃત્વ (ભગવતગીતા ૩.૨૧) કશા જ ઉપયોગના ન હોય તેવા માણસો પ્રત્યેનો તેમનો વ્યવહાર કેવો છે તેના પરથી તેમના ચારિત્ર્યનો અંદાજ સહેલાઈથી આવી જાય છે. (Malcolm Forbes)

ઉપસંહારનો આખો લેખ આસ્વાદ્ય છે. નાનકડા પુસ્તકમાં મોટા અનુભવની વાત શ્રી હસમુખ અઢિયાએ કરી છે. આ પુસ્તક વિશેનો પ્રતિભાવ એમના e-mail id adhia03@hotmail.com પર મોકલી શકો છો. એમના વહિવટી અનુભવનું બીજું પુસ્તક પણ પ્રાપ્ત થાય એ અભ્યર્થનાસહ ઈતિ અલમ્॥

('મારી નોંધો મારા પોતાના માટે'(My Notes to Myself) પ્રકાશક : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશ પાર્કની પાસે, વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ-13, પ્ર.આ. 2009, પૃષ્ઠ-72, કિંમત રૂ. 30)

## શૈક્ષણિક શિબિર

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા M.S.W. ના વિદ્યાર્થીઓની ૧૦ દિવસીય શૈક્ષણિક શિબિરનું આયોજન તા.૧૮/૦૧/૧૦ થી ૨૭/૦૧/૧૦ મુ.પો. બેરણા, તા.હિંમતનગર, જિ.સાબરકાંઠા ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૧ વિદ્યાર્થીઓમાંથી ૧૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શૈક્ષણિક શિબિરના ઉદ્‌ઘાટન સમારોહમાં નીચે મુજબના મહેમાનો હાજર રહ્યા હતા. જિલ્લા પંચાયત સદસ્યશ્રી નરેશભાઈ પરમાર, ગ્રામપંચાયત બેરણાનાં સરપંચશ્રી યશવંતભાઈ નાઈ,



પ્રાથિમક શાળાના આચાર્યશ્રી માજી સરપંચશ્રી વગેરે ઉદ્‌ઘાટન પ્રસંગમાં આમંત્રિત મહેમાનો તેમજ સ્કૂલના કર્મચારીગણ તથા તાલીમાર્થીઓ, શાળાના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા

શૈક્ષણિક શિબિરમાં ૧૦ દિવસ દરમ્યાન જાહેર રસ્તાનું સફાઈ કામ, ગામની નાની મોટી ગલીઓના રસ્તાઓ, શોષ ખાડા, હેન્ડપંપની સફાઈ, મંદિરનું સફાઈ કામ તેમજ અનેક વિવિધ જુદાં-જુદાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

(૧) શ્રમકાર્યની ઝલક

શૈક્ષણિક શિબિરમાં સવારના ૮ થી ૧૧ કલાકે દરરોજ શ્રમકાર્ય કરવામાં આવતું હતું. જેની ઉપરોકત ઝલક નિહાળી શંકશો.

## આરોગ્ય કેમ્પ

શૈક્ષણિક શિબિરમાં તા.૨૩/૦૧/૨૦૧૦નાં રોજ ફ્રી અપ ચેકપ અંગે એક આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૧૦૩ જેટલાં દર્દીઓએ ભાગ લીધો હતો.

વૃક્ષારોપણ કાર્યક્રમની ઝલક

તા.૨૮/૦૧/૨૦૧૦નાં રોજ શિબિરાર્થી તથા જંગલખાતાનાં અધિકારીશ્રીની હાજરીમાં કરવામાં આવ્યું હતું.

જનજાગૃતિ કાર્યક્રમની ઝલક





શિબિરાર્થી દ્વારા દરરોજ ૮ થી ૧૦ કલાકે સાંજે જનજાગૃતિ ઉપર જુદાં-જુદાં જેવા કે સ્વાસ્થ્ય, વિકાસકારી યોજના, યુવા સંગઠન, સખી મંડળ, બેટી બચાવ વગેરે ઉપર કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. જેમાં વિપુલ માત્રામાં લોકો લાભ લેતા હતા.

શૈક્ષણિક શિબિરના ૧૦ દિવસમાં કોઈના કોઈ કાર્યક્રમ યોજી MSW નાં વિદ્યાર્થીઓએ લોક ભાગીદારી નોંધાવી હતી. જેમાં લોકોનો મોટા પાયા ઉપર અમને સાથ સહકાર મળ્યો હતો.

નવનીત બી. ગાયકવાડ

## પ્રાસંગિક

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી તેમજ R.C. Technical Institute ના સંયુકત ઉપક્રમે R.C. Technical Institute ના પ્રટાંગણમાં 61માં પ્રજાસત્તાક દિનની ઉજવણી ડૉ. મનોજ સોની માન. કુલપતિશ્રી ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવીને કરવામાં આવી હતી.

રાષ્ટ્રપર્વના આ કાર્યક્રમમાં આર.સી. ટેકનીકલના પ્રિન્સીપાલ, કર્મચારી, વિદ્યાથીઓ તથા આ યુનિવર્સિટીના નિયામકશ્રી, વ્યાખ્યાતાશ્રી, રજીસ્ટારશ્રી, અધિકારી અને કર્મચારી ઉપસ્થિત રહ્યાં હતા. આર.સી.ટેકનીકલના પ્રિન્સીપાલે પ્રાસંગિક પ્રવચન આપતાં જણાવ્યું કે આજે જ્યારે વિશ્વ આર્થિક મંદીના સકંજામાં ફેલાયેલું છે ત્યારે સર્વની નજર ભારત પર છે. આપણે સૌએ એક થઈ દેશની પ્રગતિમાં નવયુવાનોએ સહકાર આપવો જોઈએ.

વન્દેમાતરમ્ એવા જયઘોષના નાદ સાથે પોતાનું પ્રાસંગોચિત વકતવ્ય આપતાં માનનિય

કુલપિતશ્રી ડૉ. મનોજભાઈ સોનીએ કહ્યું કે " આજના માંગલિક દિને આપણે સૌ ભેગા થયા છીએ. વિશ્વની નજર ભારત દેશ પર છે અને તેમાં ગુજરાત રાજ્ય મોખરે છે. ગુજરાતની સુવર્ણજયંતિ ઉજવણીના પર્વમાં સહભાગી બની આજના માંગલિક દિને એક નાનો પણ સંકલ્પ કરી દેશની પ્રગતિમાં સહભાગી બનીશું. એમ કહી વકતવ્ય પૂર્ણ કર્યું.

## ઈંગ્લીશ લેંગ્વેજ લેબોરેટરી પ્રોજેક્ટ

ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષમાં પ્રભુત્વ મેળવી શકે તે ઉદ્દેશથી તથા રાજ્ય સરકાર દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને અનુદાન મળતાં ઈંગ્લીશ લેંગ્વેજ લેબ શરૂ કરવામાં આવેલ છે. તે અંતર્ગત નીચે મુજબની કાર્યવાહી થયેલ.

(૧) DELLનું વધુ સુચારું રૂપથી અમલીકરણ કરવા માટે PCTનું ગઠન કરવામાં આવ્યું.

(૨) ડિસેમ્બર માસ દરમ્યાન PCTના સભ્યો દ્વારા રાજ્યમાં સ્થાપિત DELLની મુલાકાત લેવામાં આવી અને પ્રશ્નોત્તરીરૂપે માહિતી એકત્ર કરવામાં આવી.

(૩) ઉપરોક્ત માહિતીનું ડૉ. એચ. એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું અને માપદંડોના આધારે જુદી જુદી કેટેગરીમાં વર્ગીકૃત કરવામાં આવી.

(૪) ઉપરોક્ત 139 DELL પૈકી C અને D કેટેગરીમાં આવેલ 94 DELLના સંયોજકો માટે DELL નું વધુ સુચારુરૂપથી સંચાલન થઈ શકે તે માટે તા. 16/4/10ના G.C.E.R.T. ગાંધીનગર ખાતે એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવેલ. જ્યાં DELL અંતર્ગત સમસ્યાઓનું સમાધાન કરવામાં આવ્યું.

(૫) વર્ષ -2010-11 અન્વયે 23 કોલેજો અને કેદીઓના પુનઃવસનની કામગીરીના ભાગરૂપે ડૉ. બાબાસાહેબ આંબેડકરના જન્મદિવસ તા.14/4/2010ને બુધવારના રોજ મધ્યસ્થ કારાવાસ ગૃહ સાબરમતી, અમદાવાદમાં મધ્યસ્થ કારાવાસના કેદી ભાઈ-બહેનોના શૈક્ષણિક કૌશલ્યની કસોટી જેવા ઉમદા ઉદ્દેશથી માનનીય એડીશનલ ચીફ સેક્રેટરીશ્રી બલવંતસિંહ આઈ. એ. એસ. ના હસ્તે એક સાથે 24 કેદી ભાઈ-બહેનોને એક સાથે ટ્રેનીંગ આપી શકાય તેવી ઈંગ્લીશ લેંગ્વેજ લેબોરેટરીની DELL સ્થાપના કરવામાં આવી.

(૬) DELL-SCOPEનું કન્વર્ઝન્સ કરવામાં આવ્યું. આ બાબતે DELLના નોંધાયેલ તમામવિદ્યાર્થીઓની SCOPEની પરીક્ષામાં બેસવાનું રહેશે અને કેમ્બ્રિજ દ્વારા સર્ટીફિકેટ આપવાની જોગવાઈ કરવામાં આવી.

## કામધેનુ પ્રોજેક્ટ

ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય દ્વારા સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીના ભાગ રૂપે વિદ્યાર્થીઓની માહિતી અને જ્ઞાનની ક્ષમતામાં વધારો કરવાના હેતુથી "કામધેનુ" મોબાઈલ ક્લાસ રૂમ દ્વારા તા. ૧૪/૪/૧૦ થી તા. ૨૦/૫/૧૦ દરમ્યાન ગુજરાતભરમાં પાઈલોટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો. આ યુનિવર્સિટી દ્વારા કોમ્પ્યુટર જેવા શૈક્ષણિક આધુનિક સાધનોથી સુસજ્જ વાતાનુકુલિન મોબાઈલ વાન જેને "કામધેનુ" નામાવિધાન કરવામાં આવેલ છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૧૯મી જન્મજયંતી અને રાષ્ટ્રીય બંધુતા દિનની ઉજવણીના ભાગ રૂપે ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વ વિદ્યાલય અને મધ્યસ્થ જેલ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે માનનીય એડીશનલ ચીફ સેક્રેટરીશ્રી બલવંતસિંહ આઈ. એ. એસ.ના હસ્તે તથા માન કુલપતીશ્રી ડૉ. મનોજ સોનીના અધ્યક્ષસ્થાને કેદી ભાઈ-બહેનોનાં શૈક્ષણિક કૌશલ્ય સંવર્ધક પહેલનો શુભારંભ તથા જેલમાં ડીજીટલ લેંગ્વેજ લેબોરેટરીનું લોકાપર્ણ કરવામાં આવ્યું.

રાજ્ય સરકારશ્રીની પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશીપના અભિગમને ધ્યાનમાં લઈ આ કાર્યમાં ગ્લોબલ ટેલન્ટ ટ્રેક GTT પૂનાના સહયોગથી આ કાર્યક્રમહાથ ધરવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીએ સામાન્ય ફી ચૂકવવાની હોય છે. અને ટેસ્ટ અંગે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવે છે.

આ પાઈલોટ પ્રોજેક્ટની બે મુખ્ય ભૂમિકા છે.

૧. ટેલેન્ટ એપ્ટીટયૂટ ટેસ્ટ :- કારકીંદી ઘડતર માટે માહિતી અને જ્ઞાનની ક્ષમતામાં વધારો કરવા માટે કૌશલ્ય સંવર્ધક પરીક્ષા અને અભિરુચિ પરીક્ષણ.

૨. નીડ એનાલીસીસ ટેસ્ટ :- જેલના કેદી ભાઈ-બહેનોની જરૂરિયાતના પૃથ્થકરણના આધારે અભ્યાસક્રમ ઘડવા હેતુ પરીક્ષણ.

આઈસીટી લીટરસી ટ્રેનીંગ પ્રોગ્રામના માધ્યમથી આ શૈક્ષિણક કાર્યક્રમો કામધેનુ દ્વારા રાજ્યના દૂર સુદૂરના વિસ્તારો, યુનિવર્સિટી, કોલેજ સ્કૂલ કેમ્પસ તથા અન્ય જાહેર/પ્રવાસના સ્થળોએ હાથ ધરવામાં આવ્યો.

આ કામધેનુમાં કુલ ૧૦ પેન્ટીયમ-૪ ડેસ્કટોપ સિસ્ટમને સરવર સાથે લેન કરેલ છે, તેની સાથે સાથે એલસીડી પ્રોજેક્ટર અને બોર્ડ કમસ્ક્રીન ઉપરાંત ટેબલ ખુરશીથી સજ્જ છે. જેમાં એક સાથે ૧૦ વિદ્યાર્થી કોમ્પ્યુટર-બેઈઝ શિક્ષણ અને ૨૦થી વધુ વિદ્યાર્થીઓ થિયરી દ્વારા શિક્ષણ મેળવી શકે છે. સાથે સાથે આ કામધેનુમાં નાનકડી લાયબ્રેરી અને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

ગુજરાત રાજ્યની સ્વર્ણિમજયંતી વર્ષના અવસરે ગુજરાતના કેદી ભાઈ-બહેનો માટે આ એક એવી તક ઊભી કરવાનો અમારો નમ્ર પ્રયાસ છે કે જેથી તેઓ કારાવાસ પૂર્ણ કર્યા બાદ સારા નાગરિક તરીકે સન્માન અને ઉન્નત જીવન, શૈક્ષણિક કૌશલ્ય મેળવીને સુખી અને સ્વાશ્રયી જિંદગી ગૌરવભેર માણી શકે.

પ્રથમ તબક્કામાં ૩૫ દિવસનો પાઈલોટ પ્રોજેક્ટ તા. ૧૫/૦૪/૨૦૧૦ થી તા. ૨૦/૦૫/૨૦૧૦ હતો. જેમાં "કામધેનુ" દ્વારા રાજ્યના સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત તથા દક્ષિણ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં ગ્લોબલ ટેલેન્ટ ટ્રેક, પૂનાના સહયોગથી વિદ્યાર્થીઓની માહિતી અને જ્ઞાનની ક્ષમતામાં વધારો કરવા તથા કારકીંદિ ઘડતર માટે વિદ્યાર્થીઓ પાસે પ્રાપ્ત ક્ષમતા અને અભિરૂચિ પરીક્ષણ જેવા કાર્યક્રમો હાથ ધરવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી પી.સી.ઠાકુર, રાજ્યની જેલોના મહાનિર્દેશક તથા મુક્ત વિશ્વ વિદ્યાલયના કુલસચિવ ડૉ. હરીશ દેસાઈ સંભાળ્યું હતું. આ પ્રસંગે ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વ વિદ્યાલયના બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યો, અધિકારીશ્રીઓ અને વિશેષ આમંત્રિત વ્યક્તિઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ડૉ. હરીશ દેસાઈની કુલસચિવ તરીકે નિમણૂક

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલસચિવ તરીકેની જવાબદારી ડૉ. હરીશભાઈ દેસાઈએ સ્વીકારી છે. આ પહેલા સરદાર પટેલ યુનિવર્સિટી , વલ્લભવિદ્યાનગર, જિ. આણંદ ખાતે ડેપ્યુટી રજીસ્ટ્રાર તરીકે એમણે સેવા આપી છે. એમને વહીવટી અને શૈક્ષણિક સૂઝનો પ્રલંબ અનુભવ છે. એમના આગમનથી યુનિવર્સિટીના મુગટમાં વધુ એક પીંછું ઉમેરાયું છે.

## ક્ષિતિજ -વૃક્ષ

સુંદર સવાર! ઘેરથી યાત્રાનો પ્રારંભ થયો. સુર્યોદયના સીધાં કિરણોથી મન સ્વચ્છ થયું! આગળ વધતાં દૂર ક્ષિતિજ દેખાવા લાગી. હું આગળ ને આગળ પ્રવાસ કરવા લાગી. ત્યાંતો દૂ......ર ક્ષિતિજ પર મને એક વૃક્ષ દેખાયું. અને મને તે વૃક્ષ વિશે જાણવાનું મન થયું. શું નામહશે? પાંદડાં, ફૂલ અને ફળ કેવાં હશે? કલ્પનાઓનાં પ્રવાસ સાથે હું ત્યાં જ પહોંચી અને આ શું? આ તો મારું પરિચિત વૃક્ષ શિક્ષણવૃક્ષ હતું. પણ તેમછતાં ,મને તેમાં કશુંક અપરિચિત ભાસ્યું. કેટલું અદશ્ય પણ હતું! પાંદડાંઓથી ઢંકાયેલું એવું કંઈક હતું! મને, સહજ તેનાથી પરિચિત થવાનું મન થયું ! અને આ શું? મુકતગગનમાંથી વિહરતાં પેલાં મો.......ટાં પક્ષીઓએ વૃક્ષમાં આવી ફફડાટ શરૂ કર્યો અને મને, અપરિચિત લાગતાં ફળો, ફૂલો પરિચિત દેખાયાં અને તો પણ હજુ કેટલાંક અસ્પષ્ટ પણ રહ્યાં ! આ પરિચિતતાનાં છાયામાં મારી આંખ મળી અને હું જપી ગઈ. શાંતિ અનુભવાઈ. પરિચિતતાની ઠંડક મળી અને..... આંખો જ્યાં ખૂલી ત્યાં શું દેખાયું સામે? સામે દૂ.......ર ક્ષિતિજ પર એક વૃક્ષ!

સંદર્ભ : ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિ. દ્વારા યોજાયેલ દૂરવર્તી શિક્ષણની વિસ્તરતી ક્ષિતિજો - અંગેનાં સેમિનારમાં આપેલ પ્રતિભાવ.

ડૉ. રૂપલબહેન માંકડ

## શૈક્ષણિક કાર્યશાળા

મા.કુલપતિશ્રીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ ડૉ. ભાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય અમદાવાદ દ્વારા બે દિવસની કાર્યશાળા યોજાઈ. તા.૨૭/૩/૧૦ના રોજ ESI કેમ્પસ, સુધડ તથા તા.૨૯/૩/૧૦ના રોજ SPIPA અમદાવાદ ખાતે કાર્યશાળા યોજાઈ.



૨૭ માર્ચ, ૨૦૧૦ના રોજ સવારે ૧૦ કલાકે પર્યાવરણ સ્વચ્છતા સંસ્થાન-સુધડ ખાતે 'અખંડ વ્યક્તિત્વ તરફનો પ્રયાસ' એ વિષય પર કાર્યશાળાના મુખ્ય મહેમાન ડૉ. મહેન્દ્રભાઈ ચોટલિયા, અતિથિ વિષય તરીકે પદમશ્રી ઈશ્વરભાઈ પટેલ તથા યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. હરીશભાઈ દેસાઈ, નિયામક (એકેડમિક) શ્રી સુરેન્દ્ર શાહ, નિયામક(SSS) ડૉ. મેહુલ પંડયા ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દ્વારા થઈ ત્યાર બાદ મહેમાનો એ દીપ પ્રાગટ્ય કર્યું હતું. કુલસચિવશ્રી ડૉ. હરીશ દેસાઈએ કાર્યક્રમની ભૂમિકા બાંધી શાબ્દિક ઉદ્‌બોધન કર્યુ હતું તેમણે તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે સર્વ સમાનતાની ભાવના, મુકત વિશ્વાસના હેતુ દ્વારા પારિવારીક ભાવના કેળવાય તે માટે આ કાર્યક્રમ યોજ્યો છે.

શાબ્દિક સ્વાગત બાદ મંચસ્થ મહેમાનોનું પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રથમસત્રમાં જાણીતા શિક્ષણવિદ્ ડૉ. મહેન્દ્રભાઈ ચોટલિયાએ કાર્યક્રમની ભૂમિકા સ્પષ્ટ કરી સભાખંડનું વાતાવરણ હળવું કરી દીધું હતું. ત્યારબાદ કાર્યક્રમમાં ઉપસ્થિત યુનિ.ના કર્મચારી ગણને પાંચ જૂથમાં વહેંચણી કરી પ્રેમઅને મૈત્રી રૂપી દિવાલોના સર્જન દ્વારા જીવનમાં આવનારી/બદલાતી પરિસ્થિતિનો તાગ મળે છે તેવી રમતનું આયોજન કર્યું હતું. રમત દ્વારા કર્મચારીઓના જૂથોમાં એક નવા ઉત્સાહનું વાતાવરણ ખડું થયેલું જોવા મળ્યું. શ્રી મહેન્દ્રભાઈએ પોતાની આગવી વિશિષ્ટ શૈલી દ્વારા દિવસ દરમિયાનની પ્રવૃત્તિ વ્યક્તિના જીવનમાં નવા ઉત્સાહના સ્ત્રોતરૂપ બની રહી હતી.

કાર્યશાળા દરમિયાન દરેક જૂથને રમત, જૂથચર્ચા, ચિત્ર તથા ફિલ્મ વગેરે જેવા માધ્યમો દ્વારા શિબિરાર્થીઓને જ્ઞાનનું ભાથું પિરસવામાં આવ્યું.

૨૯ માર્ચ-૨૦૧૦ના રોજ સ્પીપા અમદાવાદ ખાતે 'Be Borderless' (Jourmey toward super life) એ વિષય પર કાર્યશાળા યોજાયેલી જેમાં મુખ્ય મહેમાન તરીકે ટેલિમેડિશીન પ્રોજેક્ટ ગુજરાતના સીઈઓ અને મેનેજમેન્ટ ટ્રેનર ડૉ. મુકેશ ભગત, અતિથિ વિશેષ તરીકે ડૉ. શ્રધ્ધાબહેન રાય તથા કુલસચિવશ્રી ડૉ. હરીશ દેસાઈ, નિયામક(SSS) ડૉ. મેહુલ પંડયા હાજર રહ્યા હતા.

પ્રાર્થના દ્વારા કાર્યક્રમની શરૂઆત થઈ ત્યારબાદ કાર્યક્રમની ભૂમિકા અને મુખ્ય મહેમાનનો પરિચય ડૉ. મેહુલ પંડયાએ આપ્યો હતો. આ કાર્યશાળામાં વ્યાખ્યાન, રમત, સ્લાઈડ શો અને પ્રશ્નોત્તરી દ્વારા સભાખંડમાં ઉપસ્થિત યુનિ.ના કર્મચારી ગણમાં અસરકારક અને સફળતાપૂર્વક કામગીરી પૂર્ણ કઈ રીતે કરી શકાય તે માટે નેતૃત્વ તાલીમ, સમય આયોજન, જૂથકાર્યના સિદ્ધાંતો વગેરે જેવા મુદ્દાઓની ઝીણવટભરી ચર્ચા કરી હતી. તેમના અસરકારક વકતવ્યમાં પ્રગતિ, વિકાસ, વૃદ્ધિ અને સમરસતા જીવનમાં કઈ રીતે સાધી/કેળવી શકાય તેની ચર્ચા સ્લાઈડ શો તથા ફિલ્મ દ્વારા વિષયને અનુરૂપ દષ્ટાંતો આપ્યા હતાં.



# *National Conference of the Hon. Vice-Chancellors On Open and Conventional Education Systems : Opportunities for ICT-enabled Confluence*

***Date - 09, 10, 11 : June-2010***

## The Thematic Agenda

- 01 Exploring the intellectual, technological and administrative dimensions of the possibility of the confluence between the Open and Conventional Education Systems for a mutually enriching growth and advancement
- 02 Sharing the profile of ideas, initiatives, experiments and experiences of such explorations by and between the stakeholders of Open and Conventional Education Systems using the ICT

**The Premise**

It is possible to envisage and in view of the worrisome GER in higher education in India, inevitably necessary to execute the ICT-enabled Learning that could create, sustain and empower a synergic link between a Knowledge Economy and an IT-enabled cell phone / laptop / PC using young aspirants, in particular and citizens, in general.

**The Technology Framework**

We are living in an interesting age. This is an age wherein the cartography of the contours of economic progress is being redefined with the Knowledge as the principal tool. On the other hand, the common citizens on the street are being empowered with an ICT-enabled life-style that is increasingly transforming their life-vision.


One and a half billion people, all over the world, are walking around with powerful computers in their pockets or bags. However, the fact remains that they often do not realize it, because they call them something else a cell phone. But, today's high-end cell phones have the computing power of a mid-1990s personal computer (PC) while consuming only one one-hundredth of the energy. Even the simplest, voice-only phones have more complex and powerful chips than the1969 on-board computer that landed a spaceship on the moon!

**The Intellectual and Administrative Framework**

While organizing the premise as profiled above for implementation, an attempt at bringing about the confluence of open and conventional systems of education can contribute positively. The conventional system is a repository of vast intellectual and physical resources. The open system has proven track record of dismantling constraints of time, space and pace of learning without compromising on quality of deliverables. The confluence of these two energies can, indeed, bring about a positive and vibrant growth and transformation of dynamics governing higher education in India.

**Conferencing for the Way Ahead**

Thus, the proposed national Conference of the Hon. Vice- Chancellors of the Open Universities in India and the Hon. Vice- Chancellors of the Conventional Universities in Gujarat, aims to deliberate on the thematic agenda as outlined above. It also proposes to appreciate the ideas, initiatives and experiments in implementing the premise.


Dr. Babasaheb Ambedkar Open University
http://baou.edu.in, Phone: 0 9375367003
MOBIPEDIA
ABC
0942 99 0 99 99
A number that could bring you authentic information about hundreds of words or concepts through SMS
For Example Please Type :
baou gunotsav
and send SMS to
0 942 99 0 99 99
and you will have a brief information about this important primary education quality initiative of Gujarat.
In the Information Age
BAOU brings you MOBIPEDIA
a unique encyclopedia service, providing access to information on Mobile Phone

આ ઉપરાંત તેમણે સંસ્થાગત માળખાકીય વ્યવસ્થાની સુંદર ચર્ચા કરી એક કર્મચારીની ભૂમિકા શું હોય છે તે અને જવાબદારી પૂર્વક કાર્ય કરવાની ભાવના વિકસે તે માટે સંસ્થાનાં જીવંત તત્ત્વો વિશે ચર્ચા કરી હતી.

૨૭ માર્ચ-૨૦૧૦ના રોજ યોજાયેલ કાર્યક્રમનું સંચાલન પ્રા. દિલીપ કાતરિયાએ કર્યું હતું. જ્યારે ૨૯ માર્ચ-૨૦૧૦ના રોજ સ્પીપા ખાતે યોજાયેલ કાર્યશાળાનું સફળ સંચાલન પ્રા. ભરત ઠાકોરે કર્યું હતું.

યુનિવર્સિટી દ્વારા યોજાયેલ આ બે દિવસીય કાર્યશાળાનું વિચારબીજ મા. કુલપતિશ્રી ડૉ. મનોજભાઈ સોની સાહેબની દીર્ઘ દૃષ્ટિનો પરિચય કરાવે છે. આવી વિશિષ્ટ શૈક્ષણિક કાર્યશાળા દ્વારા યુનિવર્સિટીના કર્મચારીઓની વૈચારીક તેમજ બૌદ્ધિક શકિતમાં નવા આયામનું ઉમેરણ કરે છે. આમ, આ કાર્યશાળા દ્વારા વ્યકિતનો એક ઉમદાજીવન તરફનું પ્રયાણ અને અખંડ વ્યકિતત્વની શોધની દિશા તરફ જવા માટે ઈજન આપનાર બની રહે છે.

ભરત ઠાકોર

## CCC Plus / Inservice વિભાગ

સામાન્ય વહીવટ વિભાગ તા. ૭/૫/૨૦૧૦ના ઠરાવ ક્માંક પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨ પાર્ટ ૧-ક મુજબ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી CCC Plus / CCC Inservice કાર્યક્રમ માટે તાલીમકેન્દ્રો પર પ્રવેશ માટે સંદેશ અને ગુજરાત સમાચાર વર્તમાન પત્રમાં જાહેરાત આપવામાં આવેલ છે. અન્વયે પ્રવેશ પામેલ વિદ્યાર્થીની પ્રવેશની કામગીરી પૂર્ણ કરીને જે તે કેન્દ્રો પર આઈકાર્ડ પ્રવેશ ડેટા મોકલી આપવામાં આવેલ છે. તાલીમ પામેલ સરકારી કર્મચારીની પરીક્ષા જૂન માસના બીજા અઠવાડિયામાં આયોજન કરવાનું હોવાથી તાલીમકેન્દ્રોની તા. ૧૧/૬/૧૦ સુધીમાં તાલીમપૂર્ણ કરીને યુનિવર્સિટીને વિગત સહ જાણ કરવી. પરીક્ષા કેન્દ્રો અને પરીક્ષા અંગેની જાહેરાત વર્તમાન પત્રમાં આપવામાં આવશે. દરેક પરીક્ષા કેન્દ્રોના સંયોજકશ્રીને નમ્ર વિનંતી કે પરીક્ષા સુચારું રીતે ગોઠવાય તેવું આયોજન તેમના કેન્દ્ર પર કરવામાં આવે.

**જ્ઞાનગંગા માટેના સમાચારો નીચે મુજબના સરનામે મોકલવા**

**સંયોજકશ્રી**

**શ્રીમતી ચેતના શાહ, ગ્રંથપાલ,**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, આર. સી. ટેકનિકલ ઈન્સ્ટિટ્યુટ કેમ્પસ, ગુજરાત હાઈકોર્ટ સામે, સરખેજ - ગાંધીનગર હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦

તંત્રી પ્રકાશક : ડૉ. હરીશ દેસાઈ
કુલસચિવશ્રી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, આર. સી. ટેકનિકલ ઈન્સ્ટિટ્યુટ કેમ્પસ, ગુજરાત હાઈકોર્ટ સામે, સરખેજ - ગાંધીનગર હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦

સંપાદક : ચેતના શાહ, કુસુમશર્મા

કોમ્પ્યુટર ડીઝાઈન અને સેટિંગ : ગીતા પરીખ-કોમ્પ્યુટર ઓપરેટર

BOOK POST

STAMP

To,

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

---------------------------------------------

**કુલસચિવ**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
આર. સી. ટેકનિકલ ઈન્સ્ટિટ્યુટ કેમ્પસ, ગુજરાત
હાઈકોર્ટ સામે, સરખેજ - ગાંધીનગર હાઈવે, સોલા,
અમદાવાદ-૩૮૦૦૬૦, (ગુજરાત)
ઈ-મેઈલ : feedback@baou.org,
વેબસાઈટ : www.baou.org